# શું તમે કોઈ મતદાનના સ્થળ પર પહોંચવામાં અસમર્થ છો?



## વર્ષ 2023 ની સામાન્ય ચૂંટણીમાં મતદાન કરો

તમે વર્ષ 2023 ની સામાન્ય ચૂંટણીમાં સોમવાર 2જી ઑક્ટોબર થી ચૂંટણીના દિવસ, શનિવાર 14મી ઑક્ટોબર ના રોજ સાંજે 7pm સુધી મતદાન કરી શકો છો. તમે મતદાન કરવા માટે નિકળો એ પહેલાં મતદાન શરૂ થવાનો સમય અને સ્થળ જોવા માટે **vote.nz** પર તપાસ કરો.

જો તમે મતદાનના કોઈ સ્થળ પર જવામાં અસમર્થ હો, તો પણ તમે મતદાન કરી શકો છો.

**વધુ માહિતી અહીં ઉપલબ્ધ છે:**

- **Vote.nz** ની મુલાકાત લો
- **0800 36 76 56** પર કૉલ કરો

## Complete this form to authorise someone to collect voting papers on your behalf

**Voter's details. Please print clearly.**

My first name(s) are:

My last name is:

My contact telephone number is:

OFFICIAL USE ONLY:
Index reference

Address where I am enrolled to vote:

✓ Tick the electoral roll you believe you are enrolled on:

☐ General roll ☐ Māori roll

તમારે કઈ જગ્યા પર અને કયા સમય પર મતદાન કરવાનું છે તેના વિશેની માહિતી **vote.nz** પર મુલાકાત લઈને અથવા **0800 36 76 56** પર કૉલ કરીને ઉપલબ્ધ થઈ શકે છે. આ માહિતીને નોંધાયેલા મતદારોને મોકલવામાં આવતાં EasyVote પૅક્સમાં પણ સમાવવામાં આવશે.

તમે મતદાનના સ્થળો પર સોમવાર 2જી ઑક્ટોબર થી શરૂ કરીને મતદાનના દિવસ શનિવાર 14મી ઑક્ટોબર ના રોજ સાંજે 7pm સુધી મતદાન કરી શકો છો. તમે મતદાન કરવા માટે નિકળો એ પહેલાં મતદાન શરૂ થવાનો સમય અને સ્થળ જોવા માટે **vote.nz** પર તપાસ કરો. મતદાનના દિવસ શનિવાર 14મી ઑક્ટોબર ના રોજ સવારે 9am થી સાંજે 7pm સુધી મતદાનના સ્થળો ખુલ્લાં રહેશે.

## શું મતદાનના દિવસે કામ કરી રહ્યાં છો?

તમને મતદાનના દિવસે કામમાંથી બહાર નિકળીને મત આપવા માટે જવાની કાયદેસરની મંજૂરી આપવામાં આવેલી છે. તમે મતદાનના સ્થળ પર ચૂંટણીના દિવસથી વહેલાં એટલે કે સોમવાર 2જી ઑક્ટોબરથી પણ મતદાન કરી શકો છો.

## જો તમે કોઈ કૅર હોમમાં રહેતાં હો તો પણ મતદાન કરી શકો છો

જો તમે કોઈ કૅર હોમમાં રહેતાં હો, તો તમારે અમારો સંપર્ક કરવાની જરૂર નથી. તમારા સ્થાનિક ઇલેક્ટોરેટ મેનેજર મતદાનની સેવાઓ સંબંધિત વ્યવસ્થા કરવા માટે એ કૅર હોમના મેનેજરનો સંપર્ક કરશે.

## જો તમે હોસ્પિટલમાં દાખલ હો તો પણ મતદાન કરી શકો છો

જો તમે હોસ્પિટલમાં હોવાને કારણે કોઈ મતદાનના સ્થળ પર પહોંચી શકતાં નથી, તો સોમવાર 2જી ઑક્ટોબરથી તમારા કોઈ મિત્ર અથવા પરિવારના સભ્ય તમને તમારા મતદાનના પેપર્સ લાવી આપી શકે છે. જો તમે મતદાનના દિવસ પહેલાં હોસ્પિટલ જવા માટે સમયબદ્ધ છો, તો એવા સંજોગોમાં જો તમે કરી શકો તો, સોમવાર 2જી ઑક્ટોબરથી, અગાઉથી મતદાન કરી શકો છો. વધુ માહિતી મેળવવા માટે અમને **0800 36 76 56** પર કૉલ કરો.

## જો તમે મતદાનના સ્થળ પર જવા માટે અસમર્થ હો તો તેવા સંજોગોમાં તમારા વિકલ્પો

અમે જે લોકો મતદાન કરવાના સ્થળ પર જઈ શકતાં નથી તેમના માટે મતદાન સંબંધિત સેવાઓ પૂરી પાડીએ છીએ. જો તમે રૂબરૂ મતદાન કરવામાં અસમર્થ હો, ઉદાહરણ તરીકે, તમારા નાદુરસ્ત સ્વાસ્થ્ય અથવા હલનચલન કરવામાં તકલીફને લીધે, તો તમે કોઈ વ્યક્તિને તમારા મતદાન સંબંધિત પેપર્સ લઈ આવવાનું કહી શકો છો અથવા તમને મતદાન સંબંધિત પેપર્સ મોકલવામાં આવે એ માટેની અરજી કરી શકો છો.

## કોઈ વ્યક્તિને તમારા મતદાન સંબંધિત પેપર્સ એકત્રિત કરવાનું કહો

જો તમે કોઈ મતદાનના સ્થળ પર જવામાં અસમર્થ હો, તો અહીં સાથે જોડેલા ફોર્મને પૂર્ણ રીતે ભરીને તેમાં સહી કરીને કોઈ વ્યક્તિને તમારા માટે એ ફોર્મને મતદાન માટેના સ્થળ પર લઈ જવાનું કહો. પછી તેઓ તમારા માટે એ મતદાન સંબંધિત પેપર્સને પૂર્ણ કરવા માટે પાછાં લઈ આવશે.

જો તમારી પાસે તમારા માટે મતદાનના પેપર્સ લઈ આવે તેવી કોઈપણ વ્યક્તિ ન હોય, તો અમે કદાચ તેને તમારા સુધી પહોંચાડી શકીશું. કૃપા કરીને અમને **0800 36 76 56** પર કૉલ કરો.

## તમારા મતદાન સંબંધિત પેપર્સને પરત કરવાની રીત

તમે આવું કરી શકો છો:

કોઈ વ્યક્તિને તમારા પૂર્ણ કરેલાં મતદાન સંબંધિત પેપર્સને મતદાનના સ્થળ પર શનિવાર 14મી ઑક્ટોબરના રોજ સાંજના 7pm પહેલાં પહોંચાડવાનું કહો.

જો તમારી પાસે રિટર્ન કુરિયર પેક હોય, તો કુરિયર પિકઅપની વ્યવસ્થા કરવા માટે પેક પરની સૂચનાઓને અનુસરો, અન્યથા જો તમને મદદની જરૂર હોય તો અમને **0800 36 76 56** પર કૉલ કરો.

## Give my voting papers to the person I have authorised

The name of the person I have authorised to collect and deliver my voting papers to me is:

| |
|---|
| |

✓ ☐ I have been authorised to collect and deliver voting papers to the voter named on this form.

| Signature of authorised person | Date |
|---|---|
| | |

| Signature of voter | Date |
|---|---|
| | |

Note: this application must be signed for it to be valid

ELECTORAL COMMISSION
TE KAITIAKI TAKE KŌWHIRI